# જરૂરત નથી અન્ય કો'માગની કે, સફર ખુદની ખુદમાં સમાવીને બેઠા!

સ્પંદન

નિરંજન યાજ્ઞિક

મનહર મોજી રાતના મોડે સુધી કવિસંમેલનમાં રોકાયો, અંતે, પુરસ્કારનું કવર મળ્યું, એ પછી એનું ખડખડપાંચમ સ્કૂટર લઈને તપનહોલથી નાનપુરા એના ઘેર પહોંચ્યો. એ ઘેર પહોંચ્યો ત્યારે રાતનો દોઢ વાગ્યો હતો. ''આવી ગયા ?'' એની પત્ની શર્વરીએ બારણું ખોલતાં જ પ્રશ્ન કર્યો, "કેટલો પુરસ્કાર મળ્યો આજે?''

''જોયું નથી" મનહરે ખિસ્સામાંથી કવર કાઢીને પૈસા ગણતાં કહ્યું, "550 રૂપિયા મળ્યા છે.''

"550 માટે આટલે મોડે સુધી રોકાવાનું?'' શર્વરી ફરી બબડી, "છેક સાંજના સાડા સાત વાગ્યે ગયા હતા. અચ્છા, જમવાનું કેવું હતું?'' "જમવાનું નહોતું," મનહર ઢીલા અવાજે બોલ્યો, "ફક્ત નાસ્તો હતો એટલે નાસ્તાથી જ ચલાવી લેવું પડ્યું.''

" ઓહોહો....'' શર્વરી બોલી, "ખીચડી ને શાક પડ્યાં છે હજી, ચાલો, જમી લો પછી નિરાંતે સૂઈ જજો અને હવે આવા કવિસંમેલનમાં જવાનું માંડી વાળો તો સારું. તમારીય રાત બગડે છે ને મારી પણ ઊંઘ બગડે છે. ક્યાંથી આવા નખ્ખોદીયા કવિસંમેલનો યોજનારા તમને મળી જાય છે.''

મનહરે ઝભ્ભો ને લેંઘો બદલીને રાત્રિપોશાક પહેરી લીધો. પછી એ રસોઈમાં ગયો. શર્વરીએ શાક ને ખીચડી ગરમ કરી નાખ્યાં હતાં, એ ખાઈને એ સીધો બેડરૂમમાં પહોંચી ગયો.

આજનું કવિસંમેલન ખરેખર સરસ હતું. મોટા મોટા કવિઓ આવ્યા હતા. આમ તો પોતે પણ મોટો કવિ જ ગણાય છતાં બે-ત્રણ મોટા કવિઓ આગળ એ મોટો ન ગણાય.

એક-બે કવિઓ એવા હતા, જે કવિતા કે ગઝલ વાંચે તો જ એને ગઝલ કે કવિતા ગણાય, બાકી લખવામાં આવે તો એ મેગેઝિનમાંથી પાછી આવે!

એક-બે કવિઓ આજે એવા હતા જે લાંબા વાળ, દાઢી અને શ્વેત વસ્ત્રોમાં સુશોભિત હતા ને ચીપી ચીપીને કવિતા બોલતા હતા. મનહરને મોડું ખાધું એટલે કે પછી કવિસંમેલન પત્યે ગાંઠિયા ખાધા એના લીધે આજે છાતીમાં દુખતું હતું. એણે પલંગની બાજુમાં પડેલી વિકસની શીશી લઈને છાતી પર વિકસ ચોળ્યું. થોડી રાહત થઈ પણ હજી થોડો દુખાવો તો હતો જ. એણે માન્યું કે ગેસનો દુખાવો હશે. રાતના ત્રણેક વાગ્યે એને છાતીમાં તીવ્ર દુખાવો થયો ને અચાનક એને લાગ્યું કે માથે મુગટવાળા બે માણસો એનો હાથ પકડીને એને ક્યાંક લઈ જાય છે. હવે દુખાવો શમી ગયો હતો પણ યાત્રા શરૂ થઈ હતી! ''મને ક્યાં લઈ જાવ છો તમે?''કવિ મનહરે પૂછ્યું. ''તમને ચિત્રગુપ્ત પાસે લઈ જઈએ છીએ," એક મુગટવાળો બોલ્યો, "તમારી આવરદા પૂરી થઈ છે એટલે હવે ઉપર ચિત્રગુપ્ત તમને સ્વર્ગ કે નર્ક - જ્યાં મૂકવાનું કહેશે ત્યાં અમે તમને મૂકી દઈશું."

''એટલે હું મરી ગયો છું? અવસાન મારું થઈ ગયું છે?'' મનહરે ફરી પૂછ્યું. ''હાસ્તો,'' બીજો મુગટવાળો બોલ્યો, "તો જ અમે લેવા આવીએ ને?'' મનહરે નીચે જોયું. સફેદ વાદળોના ઢગલા ચારે બાજુ પથરાએલા દેખાતા હતા. બન્ને બહુ સ્પીડમાં ચાલતા હતા. ''નીચે મારા ઘરમાં કેવી હાલત હશે?'' મનહરે પૂછ્યું, "મારી પત્ની તો રડી રડીને અડધી થઈ ગઈ હશે. મારા વાચકો, મારા ભાવકો સુધી પણ કદાચ ખબર ફેલાઈ ચૂકી હશે મુજ મૃત્યુની!'' ''એ બધું નીચેવાળાઓએ જોવાનું," એક મુગટવાળો બોલ્યો, "આપણે હવે પહોંચવા જ આવ્યા છીએ. થોડી વારમાં જ આપણે ચિત્રગુપ્તના દરબારમાં પહોંચી જઈશું."

''ચિત્રગુપ્તનો દરબાર એટલે અમારી સુપ્રીમ કોર્ટ જેવો છે?'' મનહરે પૂછ્યું. ''એ તો અમને ખબર નથી," બીજા મુગટવાળાએ કહ્યું, "અમે સુપ્રીમ કોર્ટ જોઈ નથી પણ અમારે ત્યાં ઘણાં જજ છે, એમને તમે પૂછી જોજો. લ્યો, આપણે આવી પણ ગયા, હવે તમે જાતે જ દરબાર જોઈ લેજો.'' ચિત્રગુપ્તનો દરબાર ઝળહળ ઝળહળ થતો હતો. મોટો ભવ્ય હોલ હતો, એમાં ઘણી બધી ખુરશીઓ હતી. જો કે મનહરને લાગ્યું કે, આપણા કરતાં અહીં જુદી જ જાતની ખુરશીઓ હતી.

બન્ને મુગટવાળાએ આગળની હરોળમાં એક ખુરશી પર મનહરને બેસાડ્યો. "આ દરવાજામાંથી હમણાં ચિત્રગુપ્ત આવશે," એક મુગટવાળાએ કહ્યું, "ત્યાં સુધી શાંતિથી બેસી રહેજે. બહુ વાર નહીં લાગે.'' મનહર શાંતિથી બેઠો. એને કોઈ કવિની પંક્તિ યાદ આવી - મૈં ઝળહળ ઝળહળ જેવું છે, દરવાજો ખોલ!

હજી એ વિચારવેડા કરતો હતો ત્યાં જ દરવાજો ખૂલ્યો અને પહેલા એક છડીદાર આવ્યો ને એની પાછળ ચિત્રગુપ્ત આવ્યા. ચિત્રગુપ્તનો પોશાક ભવ્ય હતો. સફેદ સુરવાળ ઉપર બહુ સરસ ઝભ્ભો અને ખભે સોનેરી રંગનો ખેસ! મનહરને લાગ્યું કે, આ પણ કવિ છે કે શું? ચિત્રગુપ્તે આવીને એમનો ચોપડો ખોલ્યો. થોડાં પાનાં ઉથલાવ્યાં પછી એમણે મનહરની સામે જોયું. ફરી એ ખોલેલાં પાનાંમાં જોવા લાગ્યા. થોડી વાર જોયા પછી એમણે ફરી મનહર સામે જોયું. "મનહર મોજી!'' ચિત્રગુપ્ત હસ્યા, "તમારા ખાતામાં પાપ તો લગભગ નથી અને પુણ્ય પણ નથી!'' ''સાહેબ,'' મનહર બોલ્યો, "હું તો કવિ છું, પુરસ્કાર મળે એમાંથી મારું ને પત્નીનું ગુજરાન જ માંડ ચાલે છે, એમાં પુણ્ય ક્યાંથી કરવા?''

"વાંધો નહીં," ચિત્રગુપ્ત બોલ્યા, "તમારી વર્તણૂક સારી અને શાંત છે. જો કે તમે છોકરીઓ પર ઘણી કવિતાઓ લખી છે. કવિતા વાંચતી વખતે પણ તમે પ્રેક્ષકોમાં યુવાન છોકરીઓ સામે વારંવાર જોયા કરતા હતા એ પણ નોંધાએલું છે. એની પાછળ તમારો ઈરાદો સારો હતો કે ખરાબ એ કહી શકાતું નથી એટલે અમે એને સારો ઈરાદો જ માનીએ છીએ."

''થેન્ક યુ સાહેબ," મનહર બોલ્યો, "અમારે ત્યાં કવિઓની આ એક આદત હોય છે, એટલે .....''

''એટલે તમારા સુરતના કવિઓની?'' ચિત્રગુપ્તે પૂછ્યું.

''ના સાહેબ," મનહર બોલ્યો, "બધાં ગામના કવિઓની.''

''ભલે,'' ચિત્રગુપ્ત બોલ્યા, "તમારી આવક પણ ખાસ નથી, એ દેખાઈ આવે છે ને તમારા 12 કાવ્યસંગ્રહો બહાર પડ્યા છે, એમાંથી મોટાભાગના તમે ભેટ આપ્યા છે. કેટલાક વાંચવા લઈ ગયા છે પરંતુ એમાંથી તમને ખાસ આવક થઈ હોય એવું દેખાતું નથી તો પછી શા માટે આવા ખોટના ધંધા કરતા હતા?''

''મારું નામ લોકો સુધી પહોંચે એટલા માટે સાહેબ," મનહર બોલ્યો, "કવિઓની એક જ ઈચ્છા હોય છે, લોકોમાં એનું નામ કવિ તરીકે રમતું થાય! મારી પણ એ જ ઈચ્છા હતી, ને મારું નામ પણ લોકોમાં રમતું થયું હતું. રેડિયો ને ટી.વી. ને કવિસંમેલન- બધે મેં કવિતાઓ વાંચી છે.''

" ટી.વી. પર પૈસા મળે ખરા?'' ચિત્રગુપ્તે પૂછ્યું, "અહીં ખાસ દેખાતા નથી.''

''દૂરદર્શન ને કોઈક ચેનલવાળા આપે છે,'' મનહરે કહ્યું, " કેટલીક ચેનલ પૈસા તો શું, ભાડું પણ નથી આપતી.''

" જુઓ,'' ચિત્રગુપ્તે ચોપડો બંધ કરતાં કહ્યું, "હવે બીજો ભવ માણસનો મળે તો કવિ ન બનતા. બીજું જે બનવું હોય એ બનજો. અત્યારે તો તમારી અચ્છાઈને ધ્યાનમાં રાખીને હું તમને સ્વર્ગ ફાળવું છું."

મનહરે આભાર માનવા માટે હાથ જોડ્યા.

''આમને સ્વર્ગમાં મૂકી આવો,'' ચિત્રગુપ્તે પેલા બે મુગટધારીઓને કહ્યું, " ને તમે ખાસ એમનું ધ્યાન રાખવા ત્યાં જ રહેજો, એમને તકલીફ ન પડે. આ તો કવિ છે, કોમળ જીવ છે.'' પેલા બન્નેએ મનહરને ઊભો કર્યો અને ચિત્રગુપ્તના દરબારમાંથી ત્રણે બહાર નીકળ્યા. હવે એમણે મનહરનો હાથ નહોતો પકડ્યો.



" સ્વર્ગ કેટલે દૂર છે?'' મનહરે પૂછ્યું. "નજીક જ છે," એક મુગટધારી બોલ્યો, "પણ તમને થાક નહીં લાગે. થાક શરીરને લાગે છે, તમે તો આત્મા છો, આત્માને થાક ન લાગે.'' "હા," મનહર બોલ્યો, "ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે આત્મા વિષે સરસ લખ્યું છે. મેં વાંચ્યું છે.'' ''લ્યો," બીજો મુગટધારી બોલ્યો, " સ્વર્ગનો દરવાજો તો આવી પણ ગયો. હવે આપણે અંદર જઈશું ને અમે તમને તમારો ખંડ દર્શાવીશું.'' જેવા એ ત્રણે સ્વર્ગના દરવાજે પહોંચ્યા કે તરત જ સ્વર્ગનો દરવાજો આપોઆપ ખૂલી ગયો! દરવાજા પાસે ઊભેલા બે માણસોએ એમને ઊભા રહેવાનું કહ્યું ને પછી એમના ચોપડામાં જોયું. ''મનહર મોજી?'' એ માણસે આ બે મુગટધારીઓને પૂછ્યું. ''હા," એક મુગટધારીએ જવાબ આપ્યો, "મનહર મોજી.'' " સારું," બીજો ચોકિયાત બોલ્યો, "એમને ખંડ 12માં લઈ જાવ, એ એમના માટે ફાળવ્યો છે.'' મનહરને લઈને બન્ને મુગટધારી ખંડ નંબર 12 તરફ ચાલ્યા. સ્વર્ગનો રસ્તો પણ અદભુત હતો. ચારે બાજુ ફૂલો વેરાએલા હતા. હવામાં આછી આછી મહેક આવતી હતી અને ઠંડક હતી. રોડની બન્ને બાજુ લો રાઈઝ મકાનો સફાઈદાર રંગેલાં હતાં. આવા રંગ તો મનહરે સુરતમાં ક્યાંય જોયા જ નહોતા! " લો," એક મકાન પાસે આવીને એક મુગટધારી બોલ્યો, "આ 12 નંબરનો ખંડ, તમારો આવાસ.'' બારણું ખોલીને બન્ને મનહરને લઈને અંદર આવ્યા. મનહર તો રૂમ જોઈને આશ્ચર્યથી લગભગ ગાંડા જેવો થઈ ગયો. ''આટલો સરસ રૂમ?" એ બોલ્યો, "આવો રૂમ તો અમારે ત્યાં ફાઈવસ્ટાર હોટલમાં પણ નથી હોતો." મુગટધારીઓ જવાબ આપ્યા વિના એને આખો ખંડ બતાવવા અંદર લઈ ગયા. અંદર ડાઈનિંગ ટેબલ હતું, એ પણ સોનાનું! પાણીની માટલી હતી, પ્યાલો હતો એ પણ સોનાનો, સંડાસ-બાથરૂમ પણ એકદમ ઝાકમઝોળ હતા. બધે અજવાળું અજવાળું હતું પણ ક્યાંય લાઈટ કે એની સ્વીચ દેખાતી ન હતી. ત્રણે જણા ડાઈનિંગ ટેબલે ગોઠવાયા કે તરત જ એક સેવક આવીને મનહર માટે ખાવાનું ભરેલી થાળી મૂકી ગયો. મનહરે જોયું તો થાળીમાં જાતજાતનાં વ્યંજનો ભરેલાં હતાં. એને પ્રિય ઘારી પણ હતી! એને ભૂખ લાગી હતી એટલે એણે ખાવાનું શરૂ કરી દીધું. એક મુગટધારીએ એની પાસે પાણીનો પ્યાલો ભરીને મૂકી દીધો. મનહરના તો બત્રીસ કોઠે જાણે દીવા થઈ ગયા! એ પછી એને ઊંઘ આવી એટલે બેડરૂમમાં એ સૂતો. ગાદલું એકદમ સરસ હતું, ઓઢવાનું પણ અતિ સુંદર અને ક્યાંકથી ઠંડી હવા પણ આવતી હતી. લગભગ કલાકેક પછી એ જાગ્યો તો પેલા મુગટધારીઓ ખુરશી પર જ બેઠા હતા. ''જાગી ગયા?'' એક મુગટધારીએ પૂછ્યું, "ચા પીશો ને?''

''અમને કવિઓને તો ચા વિના કશું સૂઝે જ નહીં.''

એ જ વખતે એક સેવક ચાની કીટલી અને સોનાના કપ-રકાબી મૂકી ગયો. મનહરે આરામથી ચા પીધી.

''હવે નૃત્યનો કાર્યક્રમ છે," એક મુગટધારી બોલ્યો, "અપ્સરાઓ નૃત્ય કરશે. ચાલો, આપણે એ જોવા જવાનું છે.''

''વાહ, સરસ," મનહર ઊભો થતાં બોલ્યો, "ચાલો, જઈએ.'' ત્રણે જણા એક ખુલ્લા મેદાન પાસે આવ્યા. ત્યાં શમિયાણા જેવું કશુંક હતું. એમાં ખુરશીઓ હતી પણ સોફા જેવી સરસ ખુરશીઓ હતી. ઘણાં લોકો બેઠેલા હતા. બન્ને મુગટધારી મનહરને આગળની લાઈન સુધી દોરી ગયા.

''અહીં આ વચ્ચેની ખુરશી તમારી છે," બીજો મુગટધારી બોલ્યો, "તમે અહીં બેસો, અમે બાજુમાં જ છીએ. કાર્યક્રમ પત્યે અમે તમને તમારા ખંડ સુધી લઈ જઈશું.'' મનહર તો આરામથી ખુરશીમાં બેઠો. સ્ટેજ પર કોઈ ગેંગ ગીત ગાતું હતું. સ્ટેજ પર કોઈ માઈક ન હતા કે સભાખંડમાં ક્યાંય સ્પીકર ન હતા છતાં એ ગાનારાનો મીઠો મધ જેવો અવાજ સમગ્ર સભાખંડમાં રેલાતો હતો. થોડી વારમાં જ સ્ટેજ પર પાંચેક અપ્સરાઓ આવી. પાંચેય અદ્ભુત સુંદર યુવતીઓ હતી. એમણે નૃત્ય શરૂ કર્યું. સંગીત કોણ જાણે ક્યાંથી વાગતું હતું.

**પાંચમાંથી એક નૃત્યાંગના તો અતિ સુંદર હતી. મનહર તો એના તરફ તાકી જ રહ્યો. પેલી અપ્સરા પણ વારંવાર એના તરફ જોતી હતી. એક વાર તો મનહર 'વાહ વાહ' બોલી ઊઠ્યો. તરત જ એક મુગટધારી દોડતો એની પાસે આવ્યો ને એના કાનમાં આવું કશું નહીં બોલવાની સૂચના આપીને દૂર ચાલ્યો ગયો**

પાંચમાંથી એક નૃત્યાંગના તો અતિ સુંદર હતી. મનહર તો એના તરફ તાકી જ રહ્યો. પેલી અપ્સરા પણ વારંવાર એના તરફ જોતી હતી. એક વાર તો મનહર 'વાહ વાહ' બોલી ઊઠ્યો. તરત જ એક મુગટધારી દોડતો એની પાસે આવ્યો ને એના કાનમાં આવું કશું નહીં બોલવાની સૂચના આપીને દૂર ચાલ્યો ગયો. અચાનક એ અપ્સરાની પાયલ તૂટી, અને એ તૂટેલી પાયલ મનહરના ખોળામાં જ પડી !

મનહર ઊભો થઈને એને આપવા જતો જ હતો કે બીજો મુગટધારી દોડતો આવીને એને ઠપકો આપીને બેસાડી દઈને પાયલ લઈને પેલી અપ્સરાને આપી આવ્યો!

એ પછી તો કાર્યક્રમ પત્યો ને મનહરને લઈને બન્ને મુગટધારી ખંડ નંબર 12 પાસે આવ્યા. ''તમે હવે આરામ કરો,'' એક મુગટધારી બોલ્યો, "લે અમે બહાર સૂતા છીએ." મનહર હજી સૂતો જ હતો, ત્યાં પેલી અપ્સરા એના રૂમમાં આવી! મનહરનું હૈયું જોરથી ધડકવા લાગ્યું. એ પલંગમાં બેઠો થઈ ગયો. અપ્સરા પલંગ પર બેઠી. "હું તમારા મનોરંજન માટે આવી છું," અપ્સરાના ઓષ્ટદ્રય ખૂલ્યા ને શબ્દો ઝર્યા, "બોલો, શી સેવા કરી શકું?'' મનહરને તો એને બાથમાં લઈ લેવાનું મન થયું. એ સમજી ગયો કે, આટલી મોડી રાત્રે બીજી કઈ સેવા હોય?

એણે હાથ લંબાવીને અપ્સરાને ભીંસી દીધી! એ સાથે જ અપ્સરા ગુસ્સાથી લાલચોળ થતી ઊભી થઈ ગઈ.

''આ તમારી વરિયાળી બજાર નથી," અપ્સરા બોલી, "સ્વર્ગ છે, આવી હરકત ન કરતા.''

''તો પછી આવ્યા શા માટે?'' મનહરને હવે ચાનક ચડી, "હું તો એમ જ માનું ને? ચાલ, હવે આવી જા પલંગમાં."

''તારી તો....'' બોલીને અપ્સરાએ મનહરને એક લાત મારી કે મનહરથી ''ઓ બાપ..રે...'' એવી બૂમ પડાઈ ગઈ.

''ક્યારની બૂમો પાડું છું કે જાગો,'' મનહરની પત્ની શર્વરી બોલી, "પણ તમે જાગતા જ નહોતા. અંતે, લાત મારી ત્યારે જાગ્યા! હવે બ્રશ કરી લો, હા તૈયાર જ છે!''

આંખો ચોળતો મનહર પાંપણે લટકેલી સ્વર્ગની સફર ખંખેરીને બાથરૂમમાં ઘુસ્યો!

(શીર્ષકપંક્તિઃ શર્મિષ્ઠા કોન્ટ્રાક્ટર)